**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

20 મે 2021/7223

**કુ. શ્વેતા તેવટિયા, IAS**
મેનેજીંગ ડિરેક્ટર
પશ્ચિમ ગુજરાત વીજ લિમિટેડ
પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન
નાના મવા રોડ, લક્ષ્મી નગર
રાજકોટ-04

**વિષય: અગ્રતાના ધોરણે મહુવા તાલુકાના કોલ્ડ સ્ટોરેજમાં વીજ પુરવઠો પન:સ્થાપિત કરવા બાબતે**

માનનીય મેડમ,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

મેડમશ્રી, સૌ પ્રથમ ટાઉ-તે ચક્રવાત દરમિયાન પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ પુરવઠો કાયમ મુજબ મળી રહે તે માટે લેવામાં આવેલ પગલાં ખરેખર પ્રશંસનીય છે અને તેને અમે બિરદાવીએ છીએ.

વાવાઝોડાએ જે તારાજી સર્જી છે તેના પગલે મહુવા તાલુકામાં સાત દિવસ સુધી વીજ પુરવઠો બંધ રહેશે. પરંતુ આપશ્રીના ધ્યાને લાવવાનું કે મહુવા તાલુકાની આસપાસના વિસ્તારમાં ડુંગળીના 125 જેટલા ડીહાઇડ્રેશન પ્લાન્ટ્સ કાર્યરત છે અને 40 જેટલા કોલ્ડ સ્ટોરેજ કાર્યરત છે. ડિહાઈડ્રેશન પ્લાન્ટમાંથી મોટા ભાગના લોકો ડુંગળીના ફ્લેક્સ, લસણ નો પાઉડર વિગેરે માલની નિકાસ કરે છે. પરંતુ ભયાનક વાવાઝોડાં ને કારણે આ પ્લાન્ટને વીજ પુરવઠો મળતો ન હોવાથી જો આ કોલ્ડ સ્ટોરેજ તેમજ ડીહાઇડ્રેશન પ્લાન્ટ ની પ્રવૃર્તીઓ પ્રાથમિકતા ના ધોરણે પુન: શરુ નહિ કરવામાં આવે તો પ્લાન્ટ માલિકો અને કોલ્ડ સ્ટોરેજની પ્રવૃત્તિ સાથે જોડાયેલ લોકો ને ખુબ નુકસાન વેઠવું પડશે.

ઉપરોક્ત બાબત ને ધ્યાને લઇને નમ્ર વિનંતી કરીએ છીએ કે મહુઆ તાલુકાના કોલ્ડ સ્ટોરેજમાં વીજ પુરવઠો પ્રાથમિકતા ના ધોરણે પુન : સ્થાપિત કરવામાં આવે.

આપ અમારી રજૂઆતને ધ્યાને લઇ ને જરૂરી પગલાં લેશો તેવી આશા સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
**પ્રમુખ**

નકલ રવાના : ચીફ એન્જિનિયર, ભાવનગર, પશ્ચિમ ગુજરાત વીજ લિમિટેડ